| Publication: The Economic Times (Guajarati) | Edition: All |
|---|---|
| Date: September 22, 2016 | Page: 2 |


# HPL ઇલેક્ટ્રિકનો IPO: ભાવિ વૃદ્ધિની સંભાવનાથી લાંબા ગાળા માટે આકર્ષક

## હરીફો કરતાં સસ્તા ભાવથી શેરના લિસ્ટિંગ વખતે કમાણીની તક


આશુતોષ આર શ્યામ
ઇટી ઇન્ટેલિજન્સ ગ્રૂપ


HPL ઇલેક્ટ્રિક એન્ડ પાવર તેના ઋણમાં ઘટાડો કરવા અને કાર્યકારી મૂડીની જરૂરિયાત પૂરી કરવા પ્રાયમરી માર્કેટ્સમાંથી ₹૩૬૧ કરોડ સુધીનું ભંડોળ એકત્ર કરી રહી છે. આઈપીઓના ભંડોળનો તાકીદનો લાભ એ છે કે તેના વ્યાજખર્ચમાં ઘટાડો થશે તથા નફા અને ચોખ્ખા માર્જિનમાં વધારો થશે. જોકે કંપનીનું રિટર્ન ઓન ઇક્વિટી (RoE)માં નજીકના ગાળામાં સુધારો થવાની ધારણા નથી. કંપનીનું RoE તેની કેટલીક હરીફ કંપનીઓ કરતા અડધું છે.

સસ્તા વેલ્યુએશનને કારણે શેરના લિસ્ટિંગ વખતે રોકાણકારોને લાભ થવાની ધારણા છે. આ ઉપરાંત મધ્યમગાળાના રોકાણકારો માટે આ આઈપીઓમાંથી કોઇ વિશેષ લાભ થવાની ધારણા નથી. જોકે ઓછામાં ઓછા બે વર્ષના સમયગાળા સુધીના લાંબા ગાળાના રોકાણકારો આઈપીઓમાં રોકાણ કરવાની વિચારણા કરી શકે છે, કારણ કે રાજ્ય વિદ્યુત બોર્ડ (એસઈબી)ની નાણાકીય સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે અને કંપનીએ કન્ઝ્યુમર સેગમેન્ટમાં પ્રવેશ કરવાના પગલાં લીધા છે.

### નાણાકીય વિગત

| રૂપિયા કરોડમાં | 2016 | CAGR (4 વર્ષ) |
|---|---|---|
| આવક | 1121.2 | 12% |
| EBITDA માર્જિન % | 13.02 | |
| ફાઇનાન્સ ખર્ચ | 78.2 | 17% |
| ચોખ્ખો નફો | 36.6 | 7% |
| ઋણ | 547.5 | 16% |
| રિસિવેબલ | 512.3 | 24% |

સ્રોત: IPO પ્રોસ્પેક્ટસ

### IPOની વિગત

IPOનું કદ: ₹361 કરોડ

પ્રાઇસ બેન્ડ: ₹175-202 (શેરદીઠ)

લોટ સાઇઝ: 70 શેર

ઇશ્યૂ ખૂલશે: 22 સપ્ટે.

ઇશ્યૂ બંધ થશે: 26 સપ્ટે.

સૂચિત માર્કેટકેપ: ₹1,173-1,298 કરોડ

IPOને કારણે 27% ઇક્વિટી ડાઇલ્યુશન

IPO વોચ

### બિઝનેસ

HPL ઇલેક્ટ્રિક મીટર્સ, સ્વીચગીયર્સ, લાઇટિંગ અને વાયર કેબલ્સનું ઉત્પાદન કરે છે. તેને ૨૦૧૫-૧૬ના નાણાકીય વર્ષમાં કુલ આવકમાંથી આશરે ૪૭ ટકા આવક ઇલેક્ટ્રિક મીટર્સના વેચાણ મારફત મેળવી હતી. ઇલેક્ટ્રિક મીટરના આશરે ₹૩,૦૦૦ કરોડના માર્કેટમાં HPL આશરે ૨૦ ટકા હિસ્સો ધરાવે છે.

### ફાઇનાન્શિયલ

પબ્લિક ઇશ્યૂ બાદ HPLનું કુલ ઋણ ઘટીને ₹૨૦૦ કરોડ થવાની ધારણા છે, જે ૨૦૧૫-૧૬ના નાણાકીય વર્ષમાં ₹૫૪૭ કરોડ હતું.

### જોખમ અને વેલ્યુએશન

મીટરિંગ બિઝનેસ કોમોડિટાઇઝ્ડ થયો છે અને બીજા સેગમેન્ટ નાના છે, જેમાં HPLનો બજારહિસ્સો પાંચ ટકાથી નીચો છે. કંપનીએ કન્ઝ્યુમર બિઝનેસમાં પ્રવેશ કરવાની યોજના બનાવી છે. તેનાથી એડખર્ચમાં વધારો થશે અને ટૂંકાગાળામાં તેની નફાકારકતા પર દબાણ આવી શકે છે. આઇપીઓના પ્રાઇસ બેન્ડના ઊંચા સ્તરે (₹૨૦૨)એ શેરનું વેલ્યુએશન ૨૦૧૭-૧૮ની અંદાજિત કમાણીના આશરે ૧૪.૪ ગણું થાય છે. આની સામે હેવેલ્સ ઇન્ડિયા, ક્રોમ્પ્ટન ગ્રીવ્સ કન્ઝ્યુમર ઇલેક્ટ્રિકલ્સ અને વી-ગાર્ડ જેવી હરીફ કંપનીઓ હાલમાં ૩૦થી ઊંચા પીઇ રેશિયો સાથે ટ્રેડ થાય છે.